દૂધ સંજીવની યોજના બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક આઇસીડી-૧૧૨૦૦૯/૭૩૨૨૪૧/બ
સચિવાલય, ગાંધીનગર

તા.૨૩-૦૮-૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્ર:સદસ-૧૦૨૦૧૬-૨૨-ખ તા.૨૭/૧/૨૦૧૬

(૨) મ. અને બા.વિ. વિભાગના ઠરાવ ક્ર.: આઇસીડી-૧૧૨૦૦૯-૭૩૨૨૪૧-બ તા.૨-૫-૨૦૧૮

(૩) કમિશ્નરશ્રી,મ.અને બા.વિ. ની કચેરીનો તા.૧/૬/૨૦૧૯નો પત્ર ક્ર.પોષણ/આઇસીડીએસ/ દૂધ સંજીવની દરખાસ્ત/૨૦૧૯-૨૦/૪૯૨૭૭૦

આ મુ ખ:-

સંદર્ભ (૧)થી આદિજાતિ વિકાસ વિભાગ, શિક્ષણ વિભાગ, અને મહિલા અને બાળ વિકાસ વિભાગ નીચે ચાલતી દૂધ સંજીવની યોજનાનું એકીકરણ કરવામાં આવેલ છે. સંદર્ભ (૨)થી દૂધ સંજીવની યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં GCMMF અને માહિ ડેરી રાજકોટને દૂધ વિતરણ વ્યવસ્થા માટે એપ્રિલ ૨૦૧૮ થી જુન ૨૦૧૮ સુધી ત્રણ માસ માટે અથવા દૂધ સંજીવની યોજના માટે નવા ઠરાવ અંતર્ગત ભાવ નક્કી થાય ત્યાં સુધી આ યોજનાની અમલ કરવા મંજુરી આપવામાં આવેલ છે.

સંદર્ભ(૩)થી ગુજરાત કો.ઓ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન આણંદ અને માહી ડેરી રાજકોટને દૂધ સપ્લાય, વાહતુક ખર્ચ અને જરૂરિયાત મુજબના ઇન્સ્યુલેટેડ બોક્ષ માટે આગોતરી ચુકવણી લેખે બફર એડવાન્સની રકમ આપવા માટે દરખાસ્ત કરેલ છે.

ઠરાવ

દૂધ સંજીવની યોજના હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦માં GCMMF Ltd. આણંદ અને માહિ ડેરી, રાજકોટ દ્વારા દૂધ તેમજ ટ્રાન્સપોર્ટેશનના ખર્ચના ૨(બે) માસની ચુકવવાપાત્ર રકમ વિભાગને ફાળવેલ ગ્રાન્ટમાંથી બે માસની એડવાન્સ ગ્રાન્ટ માર્ચ-૨૦૨૦ અંતિત સરભર કરવાની શરતે વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૬/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(મ.બા.વિ.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- સિલેક્ટ ફાઇલ